**ક્રિમીનલ પરચુ અરજી નં.૧૧૩/૨૦૨૦**

**આંક–૧૬**

## <u>–: વચગાળાની ભરણપોષણની અરજી હેઠળ હુકમ :–</u>

(૧) અરજદારે હાલની અરજી ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણ અધિનિયમ મુજબની કલમ–૧૨(૧) હેઠળ મુળ અરજી દાખલ કરેલ છે તથા હાલની અરજી વચગાળાનુ ભરણ પોષણ મેળવવા માટે કરેલ છે જે અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન સામાવાળા સાથે તા.૧૮.૦૧.૨૦૦૧ ના રોજ થયેલ અને આ લગ્ન જીવનથી અરજદાર અને સામાવાળાને એક દીકરો છે જેની હાલ ઉંમર ૨૦ વર્ષ છે. અરજદાર જણાવ્યા મુજબ લગ્નની શરૂઅતમા બધુ જ બરાબર ચાલેલ પરંતુ એક વર્ષ બાદ સામાવાળાએ અરજદારને નાની બાબતોમાં ઝઘડા તકરાર કરવા લાગેલ. અરજદારે વધુમાં જણાવેલ છે કે અરજદાર ગર્ભવતી થયેલા ત્યારે પણ સામાવાળા અરજદારને નાની નાની બાબતોમા ઝઘડો તકરાર કરતા હતા અને આઠ મહિના ગર્ભ સમયે સામાવાળા અરજદારને તેના પિયર મુકી આવેલ અને ડીલીવરી સમય સુધી અરજદારની કોઇ સાર સંભાળ રાખેલ નહી. અરજદારે વધુમાં જણાવેલ છે કે સામાવાળા તેમના પુત્ર પાર્થીવ પ્રત્યે પણ કોઇ લાગણી ધરાવતા નથી. તથા પાર્થિવના જન્મથી તેમા અભ્યાસ સુધીની તમામ જવાબદારી અરજદારે નિભાવેલ છે. અરજદારે વધુમાં જણાવેલ છે કે અરજદારના પિંચર પક્ષ તરફથી આપવામા આવેલ ૧૫ તોલા સોના ચાંદીના દાગીના વેચી સામાવાળાને રૂ.૪,૦૦,૦૦૦/– તથા બચત રોકડ રૂ.૮,૦૦,૦૦૦/– સામાવાળાને મકાન ખરીદવા આપેલ. વધુમાં અરજદાર જણાવેલ હતુ તે મુજબ સામાવાળા અરજદાર ઉપર શક વહેમ રાખ્યો હતો. વધુમાં અરજાદર જણાવે છે કે સામાવળાની માતા ઇન્દ્રાબેન ફેક્ટરી મુકામે આવેલ મકાનમાં રહેતા હતા જ્યાં તેમનુ બીમારીના કારણે અવસાન થયેલ પરંતુ સામાવાળાએ તેમની માતાના મ્રુત્યુનુ કારણ અરજદાર છે તેમ કહી અરજદાર સાથે ઝઘડો કરેલ અને ત્યારથી સામાવાળાએ અરજદારને ભરણપોષણની રકમ કે પાર્થિવના ભણતર અંગેની કોઇ રકમ ચુકવેલ નહી. વધુમાં અરજદાર જણાવે છે કે પાર્થિવને સુરત મુકામે ઇન્જીનયરીંગ કોલેજમાં એડમીશન મળતા એડમીશન ફીસ રૂ.૪૧,૬૫૦/– સામાવાળા પાસેથી અરજદારે માંગેલ જે સામાવાળાએ અરજદારને આપવાની ના

પાડેલી.  એમ કરી સામાવાળાએ અરજદાર તથા તેમના પુત્ર પાર્થિવનો ત્યાગ કરેલાની હક્તીત જણાવેલ છે.

(૨) સામાવાળા નાઓએ અરજદારની હાલની વચગાળાની અરજી નો લેખિત જવાબ રજુ રાખેલ નથી પરંતુ આંક–૦૯ થી રજુ રાખેલ લેખિત જવાબની હકીકતો ધ્યાને લેતાં સામાવાળાએ અરજદારની અરજીની હકીકતોને મહદ અંશે ઈન્કાર કરી જણાવેલ છે કે અરજદારે તેની અરજી તથા વચગાળાની અરજીમાં ખોટી હકીકતો જણાવી અરજ કરેલ છે. વધુમાં સામાવાળાએ તેના જવાબમાં જણાવેલ છે કે અરજદારે હાલ જે મકાનમા રહે છે તે મકાન સામાવાળાની માલિકીનુ છે અને તે મકાન ઉપર જે લોન લેવામાં આવેલ છે તે લોનની ભરપાઇ સામાવાળા કરે છે તેમ છતાં  અરજદાર તે મકાનમાં સમાવાળાને આવવા દેતા નથી. વધુમાં સામાવાળા જણાવે છે કે અરજદાર તેના માતા પિતા સાથે સને–૨૦૧૫ સુધી સાથે રહેલા પરંતુ અરજદારના સામાવાળાના માતા પિતા સાથે વારંવાર ઝઘડો થતા સામાવળાએ તેમની બીમાર મા ને ગુંદલાવ મુકામે સામાવાળાની ફેક્ટરીની પાછળના રૂમમા રહેવા માટે લઈ ગયેલ. વધુમાં સામાવાળા જણાવે છે કે તા.૧૩.૦૯.૨૦૨૦ ના રોજ તેમની મા નુ અવસાન થયા બાદ સામાવાળાએ અરજદારને ફોન દ્રારા જાણ કરેલ તેમ છતા અરજદાર પોતે તથા સગીર પુત્ર પાર્થિવને લઈને આવેલ નહી.  વધુમાં સામાવાળા જણાવે છે કે અરજદાર સામાવળાના વ્રુદ્ધ માતા પિતાને ઘરમાં રાખવાની ના પાડતા સામાવાળાને ના છુટકે તેના માતા પિતાને ફેક્ટરી મુકામે રાખવા પડેલ તથા તેના વ્રુદ્ધ માતા પિતાની સાર સંભાળ અરજદારે કરવાની ના પાડેલ હોય સામાવાળા તેમના વ્રુદ્ધ માતા પિતાની સાર સંભાળ માટે  થોડ દિવસ તેમના માતા પિતા સાથે રોકાયેલા જે અરજદારને ગમેલ નહી. વધુમાં સામાવાળા જણાવે છે કે તેઓએ તેમના પુત્ર પાર્થિવના કોલેજની પ્રથમ વર્ષની ફી પેટે રૂ.૨૦,૦૦૦/– ભરેલ છે. વધુમાં સામાવાળા જણાવે છે કે અરજદારના પિતાએ સામાવાળાને ગંદી ગાળો આપી માર મારેલ અને મયુરીને રૂ.૨૫,૦૦,૦૦૦/– અને ફ્લેટ ના દસ્તાવેજ મયુરીને નામે કરી આપવા ધમકી આપેલી. વધુમાં સામાવાળા જણાવે છે કે તેના વ્રુદ્ધ પિતા હાલ માનસિક રીતે બીમાર છે અને અરજદાર સામાવાળા સાથે રહેવા માંગે છે પરંતુ તેના વ્રુદ્ધ પિતાને સાથે રાખવા માંગતી નથી. વધુમાં સામાવાળા જણાવેલ હકીકત મુજબ જુન–૨૦૨૦ સામાવાળા જ્યારે તેના માતા પિતાને

લઈને અરજદાર હાલ જે ફ્લેટમાં રહે છે ત્યાં રહેવા ગયેલ ત્યારે અરજદારે ગુસ્સો થઈ સામાવાળાને તમાચો મારી દીધેલ અને કહેલ કે માતા પિતાને રાખવુ હોય તો દર મહીને રૂ.૧૫,૦૦૦/– આપવુ પડશે તો ફ્ક્લેટમાં રહેવા દઈશ નહી તો ઘરમાંથી કાઢી મુકીશ જ્યારે સામાવાળાએ અરજદારને રૂ.૧૫,૦૦૦/– આપવાની ના પાડેલ તો અરજદારે કહેલ કે આપણા પતિ પત્નીના સંબંધ નથી. આમ સામાવાળાએ અરજદાર ઉપર કોઈ પણ શારીરીક માનસિક ત્રાસ કરેલ નથી બલ્કે અરજદારે સામાવાળાને તથા તેમના વ્રુદ્ધ માતા પિતાને ઘરમાંથી કાઢી મુકી સામાવાળાને ત્રાસ આપેલ છે તથા સામાવાળાને હેરાન પરેશાન કરવા હાલની ખોટી અરજી કરેલ છે તેવી હકીકતો જણાવેલ છે.

(૩) અરજદાર તથા સામાવાળાના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી તેમજ કેસનુ રેકર્ડ વંચાણે લીધું.

(૪) પક્ષકારો તરફે રજુ થયેલ પ્લીડીગ્સ ધ્યાને લેતાં અરજદાર અને સામાવાળા પતિ–પત્ની છે તથા તેઓના લગ્ન જીવનથી એક દીકરો નામે પાર્થ હાલ ઉ.વ.૨૦ અરજદાર સાથે રહે છે. તે હકીકત નિર્વાદિત છે. અરજદાર હાલમાં સામાવાળાથી અલગ રહે છે તે હકીકત રેકર્ડ પર આવેલ છે. સામાવાળાએ અરજદારની ભરણપોષણની કોઈ સગવડ કરેલ હોય કે કોઈ રકમ ચુકવેલ હોય તેવી કોઈ હકીકત સામાવાળા જણાવતા નથી. અરજદારે આંક–૨૧ થી સોગંદનામુ રજુ કરેલ છે તેમાં અરજદારે જણાવેલ છે તે હકીકત મુજબ તેઓ કાંઈ કમાતા નથી. અરજદારે તેની અરજીમાં સામાવાળાનો માસિક પગાર અંગે કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ આંક–૨૧ થી રજુ સોગંદનામા ઉપર સામાવાળા બાજ દડીયા બનાવવાનું કામકાજ કરે છે તથા અલગ અલગ હોસ્પિટલોમાં જરૂરીયાતનુ વિતરણ કરી માસિક રૂ.૬૦,૦૦૦/– ની આવક મેળવે છે તેવી હકીકત જાહેર કરેલ છે. આ જ રીતે સામાવાળા તરફે આંક–૨૨ થી સોગંદનામું રજુ રાખેલ છે જેમાં સામાવાળા રૂ.૮,૦૦૦/– માસિક આવક કમાય છે તેવુ જાહેર કરેલ છે સાથે સાથે સામાવાળા ઉપર તેના વ્રુદ્ધ માનસિક બીમાર પિતાની જવાબદારી તથા અરજદાર હાલ જે મકાનમાં રહે છે તે મકાનના લોન ના હપ્તા ભરવાની જવાબદારી સામાવાળા ઉપર છે તેમ જાહેર કરેલ છે તથા અરજદાર બ્યુટી પાર્લરમાં કામ કરી માસિક રૂ.૨૫ થી ૩૦ હજાર કમાય છે તેવી હકીકત જણાવેલ

છે. આ કામે અરજદારે સામાવાળા માસિક રૂ.૬૦,૦૦૦/– આવક મેળવે છે તેવી હકીકત આંક–૨૧ ના સોગંદનામા ઉપર જાહેર કરેલ છે પરંતુ તે સંદર્ભમાં કોઇ પુરાવો રજુ કરેલ નથી. આજ રીતે સામાવાળાએ આંક–૨૨ થી રજુ સોગંદનામા ઉપર અરજદાર ૨૫ થી ૩૦ હજાર રૂપિયા કમાય છે તે જાહેર કરેલ છે પરંતુ તેના સંદર્ભમા કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી પરંતુ સામાવાળા પોતે ૮,૦૦૦/– રૂપિયા કમાતા હોવાની હકીકત જાહેર કરેલ હોય તે હકીકતને ધ્યાને રાખી તથા અરજદાર સામાવાળાની પત્ની હોય અને અરજદારની ભરણ પોષણની સામાવાળાએ કોઇ સગવડ કરેલ ના હોય અરજદારને પોતાનુ ભરણપોષણ કરવામાં તકલીફ પડતી હોવાનું જણાય આવતુ હોય તે તકલીફમાંથી અરજદારને રાહત મળી રહે તે હેતુ તથા સર્વોચ્ચ અદાલતે વચગાળાના ભરણપોષણ માટે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લઇ અરજદારની હાલની અરજી પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –:: <u>હુકમ</u> ::–

(૧) અરજદારના વચગાળાના ભરણ પોષણ મેળવવાની અરજી આથી અશંત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી સામાવાળા નાઓને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદાર મયુરી સંકેત શાહના વચગાળાના ભરણપોષણ પેટે માસિક રૂ.૪,૦૦૦/– અરજી કર્યાની તારીખથી દર માસે નિયમિત પણે ચુકવી આપવા .

(૩) અન્ય કોઇ હુકમ નથી.

સદરહુ હુકમ આજ તા.૨૭ મી માહે ઓક્ટોબર સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૭.૧૦.૨૦૨૩
વલસાડ

**( આર.આર.દેસાઈ )**
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વલસાડ
(જી.જે.૦૧૦૮૯)